જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૧૯  રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૩૦૭/૧૯**

### શહેરકોટડા પોલીસ સ્ટેશનનો ઇપીકો કલમ ૩૦૨ મુજબના ગુનાનો પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો આરોપી પકડી કરેલ સારી કામગીરી

મે.ના.પો.કમિ.શ્રી ઝોન-૫ સાહેબ નાઓની સુચના મુજબ તથા મ.પો.કમિશ્રી."આઇ" ડીવીઝન તથા જે.એસ.નાયક પોલીસ ઈન્સપેક્ટર અમરાઇવાડી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ જમ્પ કરીને નાસતા ફરતા કેદીને પકડવાની સુચના આપેલ હોય આજરોજ એ.એસ.આઇ. જીતેંદ્રસિંહ ગુમાનસિંહ બ.નં.૮૨૭૨ તથા પો.કો. બીપીનકુમાર વીરસિંગભાઇ બ.નં.૫૯૬૩ તથા એલ.આર. જીગ્નેશભાઇ દિનેશભાઇ બ.નં.૧૫૧૧ તથા એલ.આર. રાજકુમાર ખાનાભાઇ બ.નં.૧૫૨૬ તથા એલ.આર. રમેશકુમાર ઇશ્વરભાઇ બ.નં.૧૨૯૧૨ વિગેરે સ્ટાફના માણસો સાથે શહેરકોટડા પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નં.૨૦૪/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૩૦૨ ૧૩૫ (૨) મુજબના કામનો આરોપી ગીરીશ ઉર્ફે મુનીયો રામજીભાઇ રાઠોડ રહે. અંબિકાનગર, સ્વસ્વિક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી, અમદાવાદ શહેર નાનો ગઇ તા.૧૦/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૧/૨૦૧૯ સુધી દિન-૭ ની પેરોલ રજા ઉપર છુટીને આવેલ હતો અને પેરોલ રજા પુરી થયા બાદ સદર કેદી પેરોલ જમ્પ કરીને મધ્યસ્થ જેલ ખાતે પરત હાજર થયેલ ન હોય મળી આવેથી કાયદેસર કરી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાનો હોય નાગેરવેલ ચાર રસ્તા પાસે આવતાં સાથેના એલ.આર.જીગ્નેશભાઇ દિનેશભાઇ તથા એલ.આર. રમેશભાઇ ઇશ્વરભાઇ નાઓની સંયુકત બાતમી આધારે સદરી પેરોલ જમ્પ કરીને ભાગેલ કેદીને સ્વસ્તિક ચાર રસ્તા ખાતે થી રોકી લઇ સદરીનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ ગીરીશ ઉર્ફે મુનીયો રામજીભાઇ રાઠોડ રહે. અંબિકાનગર, સ્વસ્વિક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી, અમદાવાદ શહેર હાલ રહે. મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર નો હોવાનું જણાવેલ જેની પુછપરછ કરતા પોતે તા.૧૯/૦૧/૨૦૧૯ થી પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો હોવાનુ જણાવતો હોય સદરી કેદીને પકડી કાયદેસર કાર્યવાહી કરી મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

રામોલ પોલીસ સ્ટેશનઃ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંકઃ- પીસીબી/ડીટીએન/૧૬૦/૨૦૧૯ તા.૧૬/૦૨/૨૦૧૯ આધારે શ્રી પ્રશાંત ઉર્ફે વિક્કી જીતેન્દ્રસિંગ ચૌહાણ ઉ.વ.૨૦ ધંધો- રીક્ષા ડ્રાઇવીંગ રહે.મ.નં.૨૦ ગાંડાલાલની ચાલી રતનપુરા ગામ વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધમા દાખલ થયેલ ચોરી/લુંટના ગુન્હામા સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઇ આરોપીને તા.૧૬/૦૨/૨૦૧૯ ના ક.૨૧/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી લાજપોર સુરત જેલ ખાતે પાસા તળે અટકાયતમા રહેવા સારૂ યોગ્ય પોલીસ જાપ્તા સાથે મોકલી આપેલ છે

સરદારનગર પોલીસ સ્ટેશનઃ

પોલીસ કમિશ્નર શ્રી ,અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન- ૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.સી.શેખ સરદારનગર પો.સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસો એ કાનાભાઇ બચુભાઇ સોલંકી ઉ.વ ૨૭ , રહે- મ.નં- ૧૩૩, હનુમાન મંદીરની બાજુમા મોચીપાડા , સત્યનારાયણ દુધઘર પાસે ,છારાનગર ,કુબેરનગર ,અમદાવાદ શહેર નાનો પ્રોહીબીશન સંબંધી ગુનાઓ કરવાની પ્રવુત્તી સાથે સંકળાયેલ હોય તેના વિરુધ્ધ મા નોંધાયેલ ગુનાઓ ધ્યાને લઇ સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રીત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પી.સી.બી/ડીટીએન/ પાસા /૧૬૪/૨૦૧૯ તા- ૧૬/૦૨/૨૦૧૯ અંન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતી ને આજરોજ તા- ૧૬/૦૨/૨૦૧૯ ના કલાક- ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ જેલ" ખાતે પાસા અટકાયતી ને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામા આવેલ હોય . જે પ્રસંશનીય કામગીરી કરેલ છે તા- ૧૬/૦૨/૨૦૧૯ .

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.